GOKULDHAM HAVELI Atlanta, GA

Pushtimargiya Vaishnav Samaj of South East USA, Inc.

ગોકુલધામ હવેલી એટલાન્ટા, જ્યોર્જીયા





# પુષ્ટિ સ્વર

A Newsletter from the Gokuldham Haveli
Inspired - Guided by Shashtapitadhishwar H.D.H. Shree Dwarkeshlalji Maharajshree
(Vadodara-Kankaroli)





Editor & Writer » Divyakant Bhatt • Managing Editor »Tejas Patwa • Guidence By » Ashok Patel • MAY-2023 • ISSUE-02


### આઠ મહિના બાદ ગોકુલધામના માર્ગદર્શકના આગમનના સમાચારથી વૈષ્ણવોમાં આનંદ-ઉલ્લાસ છવાયો

# વૈષ્ણવાચાર્ય પૂ. દ્વારકેશલાલજી મહારાજશ્રી ગોકુલધામમાં પધારશે : તા. 12-13-14 મે ના રોજ સત્સંગ-કથાનો લ્હાવો આપશે

### ગોકુલધામમાં ત્રણ દિવસ સુધી વિવિધ ઉત્સવો તેમજ ભક્તિ-સંગીતના કાર્યક્રમોનું આયોજન

એટલાન્ટા

અમેરિકામાં વસવાટ કરતા વૈષ્ણવ-પુષ્ટિ સમુદાય માટે આકર્ષણનું કેન્દ્ર બનેલી એટલાન્ટાની ગોકુલધામ હવેલીએ ઓક્ટોબર-2022 માં સ્થાપનાના પાંચ વર્ષ પૂર્ણ કર્યા છે. આ ગોકુલધામ હવેલીમાં આગામી તા.12-13-14 મે 2023 દરમિયાન વડોદરાના કલ્યાણરાયજી મંદિરના ષષ્ઠ પીઠાધિશ્વર વૈષ્ણવાચાર્ય પૂ.દ્વારકેશલાલજી મહારાજનું આગમન થનાર હોઈ વૈષ્ણવોમાં આનંદ-ઉલ્લાસ વ્યાપ્યો છે. પૂ.શ્રીના સાંનિધ્યમાં ગોકુલધામ હવેલી ખાતે ત્રણ દિવસ સુધી વિવિધ ઉત્સવો યોજાનાર હોઈ તેની તડામાર તૈયારીઓને હાલ આખરી ઓપ અપાઈ રહ્યો છે.



વૈષ્ણવાચાર્ય પૂ.દ્વારકેશલાલજી મહારાજશ્રીના માર્ગદર્શન હેઠળ ઓક્ટોબર 2017 માં એટલાન્ટાની ગોકુલધામ હવેલીની સ્થાપના થઇ હતી.આ હવેલીમાં બિરાજમાન શ્રી ગોવર્ધનનાથજી પ્રભુ અને શ્રી કલ્યાણરાયજી પ્રભુના સુખાર્થે વિવિધ કાર્યક્રમો વર્ષ દરમિયાન યોજાતા રહે છે. આ દરમિયાન ગોકુલધામ હવેલીમાં તા.12-13-14 મે ના ત્રણ દિવસોમાં પૂ.વૈષ્ણવાચાર્યશ્રી પધારનાર હોઇ ભગવદીય વૈષ્ણવોમાં આનંદની હેલી વ્યાપી છે.




ગોકુલધામ હવેલીમાં પૂ.દ્વારકેશલાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં લગાતાર ત્રણ દિવસ સુધી ભક્તિ, ઉત્સવ અને સુગમ સંગીતના કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જે અંતર્ગત તા.12-13-14 મે ના રોજ સાંજના સમયે શ્રી જગદગુરુ હોલમાં પૂ.શ્રીના વ્યાસપીઠ પદે 'જીવન એક ઉત્સવ' ના અર્થસભર વિષય ઉપર સત્સંગ-કથા યોજાનાર છે. તા.12મીએ સાંજે 6.30 કલાકે જ્યારે તા.13 અને તા.14મીએ સાંજે 4 કલાકે યોજાનાર આ સત્સંગ કથાનો લ્હાવો લેવા માટે ગોકુલધામ પરિવાર તરફથી સૌ વૈષ્ણવોને સસ્નેહ આમંત્રણ આપવામાં આવ્યું છે. પૂ.શ્રીના 3 દિવસીય સત્સંગ-કથા દરમિયાન ગોકુલધામમાં મહાપ્રસાદ સેવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

પૂ.શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીના ગોકુલધામ હવેલીમાં યોજાનાર કાર્યક્રમો દરમિયાન શરણાગત મનોરથી તરીકે તુષાર અને કામિની પટેલ (રોમ), યજમાન મનોરથી તરીકે સ્વ.વિપિનચંદ્ર અને મનોરમાબહેન મજમુદાર તેમજ સહ મનોરથી તરીકે બિરેન અને બેલા શાહને લ્હાવો મળ્યો છે.

### પૂ.શ્રીના સાંનિધ્યમાં 'બ્રહ્મસંબંધ' લેવાનો અવસર મળશે

ગોકુલધામ હવેલીમાં પૂ.દ્વારકેશલાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં તા.13 અને 14 મે ના રોજ સવારે 10.30 કલાકે 'બ્રહ્મસંબંધ' વિધિનું આયોજન કરાયું છે. આ બ્રહ્મસંબંધ વિધિમાં માતા-પિતા તેમના બાળકોને પૂ.શ્રીના આર્શીવાદ સાથે બ્રહ્મસંબંધ અંગીકાર કરાવવા ઈચ્છતા હોય તેમને http://forms.gle/K22SPSBa1NWqrfSj8 લિંક ઉપર જઈ ફોર્મ ભરવું. આ અંગે વધુ પૂછપરછ માટે તેજસભાઇ પટવાનો સંપર્ક કરવા જણાવાયું છે.

## પૂ.દ્વારકેશલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં ત્રણ દિવસ યોજાનાર વિવિધ કાર્યક્રમોની રૂપરેખા

- તા.12 મે, શુક્રવાર :- સાંજે 5.30 કલાકે શયન દર્શનમાં મોતી ઘટામાં મોતી મહેલનો મનોરથ
  સાંજે 7.30 કલાકે હિમાલી વ્યાસ-નાયક અને ચિંતન નાયક સાથે રત્હિન મહેતા એન્ડ ફ્રેન્ડ્સનો સુગમ-સંગીતનો કાર્યક્રમ
- તા.13 મે, શનિવાર :- સાંજે 5.30 કલાકે શયન દર્શનમાં પુષ્પ વિતાન મનોરથ
  સાંજે 7.30 કલાકે ગાયક પ્રિતિ ગજ્જરની ભજન સંધ્યા
- તા.14 મે, રવિવાર :- સાંજે 5.30 કલાકે શયન દર્શનમાં 'કેરી નો મનોરથ'
  સાંજે 7.30 કલાકે કલાકાર અનિશ ચંદાનીનો ફ્લ્યૂટ પ્રોગ્રામ

### સિતાર, તબલા અને સેક્સોફોનનો ત્રિવેણી સંગમ કાર્યક્રમ યોજાશે

સિતાર,તબલા અને સેક્સોફોનનો ત્રિવેણી સંગમ એટલાન્ટામાં સૌ પ્રથમ વખત ગોકુલધામ હવેલી ખાતે તા.14 મે ના રોજ સાંજે 7.30 વાગે યોજાશે. કલાકાર ક્રિષ્ણા મોહન ભટ્ટ સિતારવાદન કરશે. અમેરિકન કલાકાર જ્યોર્જ બ્રુક્સ સેક્સોફોન પર સંગીત પીરસશે. જ્યારે મુંબઈના જાણીતા કલાકાર અમોલ તબલા ઉપર રમઝટ જમાવશે.

### ગોકુલધામના સ્પોર્ટસ-ડે કાર્યક્રમમાં પૂ.દ્વારકેશલાલજી ફ્લેગ ઓફ કરાવશે

ગોકુલધામમાં શનિવાર તા.13 મે ના રોજ તમામ વય ગ્રૂપ માટે સ્પોર્ટસ-ડે નો કાર્યક્રમ યોજાનાર છે. આ કાર્યક્રમને પૂ.દ્વારકેશલાલજી મહારાજ ફ્લેગ ઓફ કરાવશે. શનિવાર સવારે 9.30 થી બપોરે 12.30 દરમિયાન યોજાનાર સ્પોર્ટસ-ડે માં Sack Race, Wheel Barrow Race, Lemon & Spoon Race, One Leg hop Race, Three-Legged Race, 3 Point shoot Basketball Toss (Arcade Style ), Badminton અને VolleyBall ની રમતો યોજાશે. વિજેતાઓને ઈનામો આપવામાં આવશે.

## વસંતપંચમી પર્વે બાળકોએ 'સરસ્વતી પૂજનમાં' માં ભાગ લીધો



ગોકુલધામ હવેલી ખાતે દર વર્ષે વસંત પંચમી પર્વ નિમિત્તે 'સરસ્વતી પૂજન અને હવન' નું આયોજન થાય છે. જે અંતર્ગત તા.28 જાન્યુઆરીએ આયોજિત 'સરસ્વતી પૂજન અને હવન' ની વિધિમાં ગોકુલધામ વિદ્યાલયમાં અભ્યાસ કરતા 55 થી વધુ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાલયના બાળકોએ પીળા રંગના પરંપરાગત વસ્ત્રો પરિધાન કરીને પૂજા અને હવનમાં ભાગ લઈ વિદ્યાદેવી માતા સરસ્વતીનું સ્તુતિગાન કર્યું હતું.

## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી પ્રસંગે મહિલાઓની આત્મરક્ષા અને આત્મ સન્માન ઉપર વિશેષ કાર્યક્રમ યોજાયો

# એટલાન્ટાની ગોકુલધામ હવેલીમાં સેલ્ફ ડિફેન્સના માર્ગદર્શન સાથે ‘વુમેન્સ ડે’ મનાવાયો

### ગ્વિનેટ કાઉન્ટીના ડિસ્ટ્રિક્ટ એર્ટનિ પેસ્ટી ઓસ્ટિન-ગેટ્સને ગોકુલધામ સાથે જોડાયેલી મહિલાઓનું સન્માન કર્યું

એટલાન્ટા

અમેરિકાના જ્યોર્જિયા સ્ટેટના એટલાન્ટા સિટી ખાતે આવેલી ગોકુલધામ હવેલી ખાતે આંતરરાષ્ટ્રીય વુમેન્સ ડે નિમિત્તે મહિલાઓ માટેનો વિશેષ કાર્યક્રમ શનિવારે યોજાયો હતો. આ કાર્યક્રમમાં મહિલાઓને સેલ્ફ ડિફેન્સનું માર્ગદર્શન આપવા ઉપરાંત તેમના આત્મ સન્માન ઉપર વિશેષ ભાર મૂકાયો હતો. ગ્વિનેટ કાઉન્ટીના ડિસ્ટ્રિક્ટ એર્ટની પેસ્ટી ઓસ્ટિન-ગેટ્સને આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહી ગોકુલધામ સાથે જોડાયેલી મહિલાઓનું સન્માન કરી તેમના કાર્યને બિરદાવ્યું હતું.

એટલાન્ટા સિટીમાં સ્થપાયેલી ગોકુલધામ હવેલી દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. ગોકુલધામના જગદગુરુ હોલમાં આયોજિત કાર્યક્રમમાં ગોકુલધામ હવેલી સાથે સમયનું બલિદાન આપી તન-મન-ધનથી જોડાયેલી મહિલાઓનું સન્માન કરવાના વિશેષ હેતુ સાથેનો કાર્યક્રમ ગ્વિનેટ કાઉન્ટીના ડિસ્ટ્રિક્ટ એર્ટનિ પેસ્ટી ઓસ્ટિન-ગેટ્સનની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

ગોકુલધામના એક્ઝિક્યુટિવ સેક્રેટરી ડૉ.તેજસ પટવાએ જણાવ્યું હતું કે, અલગ-અલગ ફિલ્ડમાં કામ કરતી 100 થી વધુ મહિલાઓ ગોકુલધામ સાથે નિસ્વાર્થ ભાવે જોડાયેલી છે. સમાજલક્ષી કાર્ય ઉપરાંત તેમજ ભગવાન પ્રત્યેના અહોભાવને ગોપીભાવે પરિપૂર્ણ કરવાના ઉદ્દેશ સાથે કામ કરતી આ મહિલાઓની નિષ્ઠા બેમિસાલ છે.

ગ્વિનેટ કાઉન્ટીના ડિસ્ટ્રિક્ટ એર્ટોનિ પેસ્ટી ઓસ્ટિન-ગેટ્સને તેમના વકતવ્યમાં ગોકુલધામ સાથે જોડાયેલી મહિલાઓની ધર્મ પ્રત્યેની તેમની નિષ્ઠાને બિરદાવી હતી. આ ઉપરાંત પરિવાર અને નોકરી આ બંનેમાંથી સમય ફાળવી સમાજ પ્રત્યેના કાર્યમાં તેમની ધગશ અને જોશની પ્રશંસા કરી હતી. પેસ્ટી ઓસ્ટિન-ગેટ્સને મહિલાઓના આત્મ સન્માનની વિશેષ જવાબદારી સમાજની બને છે તેમ પણ જણાવ્યું હતું. તેમણે ગોકુલધામની સ્વયંસેવક મહિલાઓને વ્યક્તિગત રીતે સન્માન કરીને પ્રોત્સાહિત કરી હતી. આ કાર્યક્રમમાં જ્યોર્જિયા સ્ટેટના ઈન્વેસ્ટિગેશન ઓફિસર્સ-ડિફેન્સ રિચાર્ડ દ્વારા મહિલાઓને તેમના સેલ્ફ ડિફેન્સ માટેની ટિપ્સ આપી વિકટ પરિસ્થિતિમાં આત્મ રક્ષા કેવી રીતે કરવી તેનું માગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે મહિલાઓ સાથે વાતચીત કરી તેમના પ્રશ્નોનું સમાધાન કર્યું હતું.

મહિલા દિવસના કાર્યક્રમમાં ગોકુલધામ તરફથી દિપિકા પટેલ અને અપૂર્વ ઘેલાણીએ કાર્યક્રમના આયોજનની રૂપરેખા આપી હતી. ગોકુલધામના શાસ્ત્રી ડૉ.ગિરધર ઉપાધ્યાયજીએ મંત્રોચ્ચાર થકી અને કિર્તનકાર અલ્પેશ સાંવલિયાએ ગીત થકી સમાજમાં મહિલાઓના મહત્ત્વની ઝાંખી કરાવી હતી.










## ન્યૂઝ ઈન બ્રીફ

### ગોકુલધામમાં દર શનિ-રવિ ડૉ.ગિરધરકુમાર શાસ્ત્રીજી દ્વારા શ્રીમદ્ ભગવદ્ ગીતાજીના સત્સંગનો પ્રારંભ



ડો.ગિરધર શાસ્ત્રી

ગોકુલધામ હવેલી ખાતે સંસ્કૃતમાં પી.એચ.ડી.ની પદવી મેળવી વેદ અને શાસ્ત્રોના જ્ઞાતા બનેલા તેમજ શ્રીમદ્ ભાગવત્ સહિત રામાયણ, શિવપુરાણ આદિ ષોડશ ગ્રંથોના કથાકાર ડૉ.ગિરધરકુમાર શાસ્ત્રીજીનું આગમન થયું છે. તેમના આગમન બાદ હવેલી ખાતે હિન્દુ અને પુષ્ટિમાર્ગની પરંપરા મુજબની પૂજાવિધિ તેમજ કર્મકાંડને સંલગ્ન કાર્યક્રમો શરૂ થયા છે. ગોકુલધામ હવેલી દ્વારા દર શનિ-રવિ ડૉ.ગિરધરકુમાર શાસ્ત્રીજીના માધ્યમથી શ્રીમદ્ ભગવદ્ ગીતાજીના સત્સંગનું આયોજન શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત શનિવારે સાંજે 4.30 થી 5.30 સુધી અને રવિવારે સવારે 10.30 થી 11.30 સુધી ડૉ.ગિરધરકુમાર શાસ્ત્રીજી શ્રીમદ્ ભગવદ્ ગીતાજીનું રસપાન કરાવી રહ્યા છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાજીના સત્સંગના 2023 ના સમગ્ર વર્ષના મનોરથી તરીકેની સેવાનો ચતુરભાઈ અને સંધ્યાબહેન છભાયા સહિત તેમના પરિવારજનોએ લ્હાવો લીધો છે.

### ગોકુલધામનો ‘ સમર કેમ્પ ’ જુલાઇમાં યોજાશેઃ રજિસ્ટ્રેશન હાઉસફુલ

ગોકુલધામ હવેલી ખાતે દર વર્ષે ઉનાળા વેકેશનમાં ‘સમર કેમ્પ’નું આયોજન કરવામાં આવે છે. આ વર્ષનો ‘સમર કેમ્પ’ તા.16 થી 22 જુલાઈ દરમિયાન યોજાશે. ઓવરનાઈટ કેમ્પનું તા.16 થી 22 જુલાઈ સુધી અને ડે-કેમ્પનું તા.17 થી 22 જુલાઈ સુધી આયોજન કરાયું છે. સમર કેમ્પ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ થયાના માત્ર એક જ અઠવાડિયામાં બંને કેટેગરી માટે રજિસ્ટ્રેશન ફૂલ થઈ જવા પામ્યું છે. ગોકુલધામના સમર કેમ્પ માટે બાળકોને જબરદસ્ત ઉત્સુકતા પ્રવર્તતી હોઈ આ વર્ષે રજિસ્ટ્રેશન માટે ભારે ધસારો રહ્યો હતો.

### ગોકુલધામમાં કિર્તનકાર અલ્પેશ સાવલિયાના કિર્તન અને હાર્મોનિયમ ક્લાસ શરૂ



કિર્તનકાર અલ્પેશ સાવલિયા

ગોકુલધામ હવેલી ખાતે ડિસેમ્બર-2022 માં પુષ્ટિમાર્ગિય હવેલી સંગીતના કિર્તનકાર અલ્પેશ સાવલિયાનું આગમન થયું છે. તેમના આગમન બાદ ગોકુલધામ હવેલીમાં શ્રી ઠાકોરજી સન્મુખ નિત્ય કિર્તન ક્રમ શરૂ થયો છે. ખાસ કરીને દર શનિવારે શયન દર્શન અને મનોરથ વેળા અલ્પેશ સાવલિયાના મુખે ગવાતા કિર્તન તેમજ ભજનોએ વૈષ્ણવ સૃષ્ટિમાં આકર્ષણ જમાવ્યું છે. તેમના કૌશલ્યનો લ્હાવો સંગીત રસિક વૈષ્ણવોને લ્હાવો મળે તે હેતુથી ગોકુલધામ પરિવાર દ્વારા હવેલી ખાતે કિર્તન અને હાર્મોનિયમ ક્લાસનો પ્રારંભ કરાયો છે. દર બુધવારે કિર્તન અને શનિવારે કિર્તન અને હાર્મોનિયમના ક્લાસનો 11 વૈષ્ણવો લ્હાવો લઈ રહ્યા છે. આગામી દિવસોમાં મૃદંગ અને તબલાના ક્લાસનો પણ પ્રારંભ થનાર છે.

### વડોદરા મેડિકલ કોલેજના પૂર્વ ડીન ડૉ.કમલ પાઠકે ગોકુલધામની મુલાકાત લીધી

સમગ્ર અમેરિકામાં આકર્ષણનું કેન્દ્ર બનેલી ગોકુલધામ હવેલીમાં તા.19 એપ્રિલના રોજ વડોદરા મેડિકલ કોલેજના પૂર્વ ડીન અને સયાજી હોસ્પિટલ, વડોદરાના પૂર્વ સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ.કમલ પાઠકે દર્શન હેતુ મુલાકાત લીધી હતી. ડૉ.પાઠક શ્રી ઠાકોરજીના દર્શન કરીને તેમજ ગોકુલધામ હવેલી નિહાળી અભિભૂત થયા હતા. ગોકુલધામના એ.આર.મેનેજર બિજલ સોનીએ ડૉ.પાઠકને આવકાર આપી હવેલીની પ્રવૃત્તિઓ વિશે તેમને માહિતગાર કર્યા હતા. મુખ્યાજી નરપત મહારાજે ડૉ.પાઠકનું ઉપરણું ઓઢાડી બહુમાન કર્યું હતું. એક કલાકની મુલાકાત દરમિયાન ડૉ.પાઠકે આરતીનો લ્હાવો લીધો હતો. તેમણે સુંદર સ્થળે હવેલીના નિર્માણ, હવેલીની કામગીરી, વિવિધ પ્રવૃત્તિઓ અને પૂ.દ્વારકેશલાલજી મહારાજનું આધ્યાત્મિક માર્ગદર્શન મળતું હોવાનું જાણી આનંદ વ્યક્ત કર્યો હતો.



ડો.ગિરધર શાસ્ત્રીજી સાથે ડો.કમલ પાઠક

### ઓક્ટોબર-2017 માં સ્થાપના થયા બાદ માત્ર પાંચ વર્ષમાં અમેરિકામાં આકર્ષણ અને શ્રદ્ધાનું કેન્દ્ર બનેલી

# એટલાન્ટાની ગોકુલધામ હવેલીના પંચમ પાટોત્ત્સવની ભવ્ય ઉજવણી

## પાટોત્ત્સવ પ્રસંગે પ્રભાતફેરી, ચાંદીના પલના, નંદ મહોત્ત્સવ, શોભાયાત્રા અને સુવર્ણ લહેરી ઉત્ત્સવના કાર્યક્રમોમાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા

એટલાન્ટા

અમેરિકાની ધરતી પર માત્ર પાંચ જ વર્ષના ટૂંકાગાળામાં આકર્ષણ અને શ્રદ્ધાનું કેન્દ્ર બનેલી એટલાન્ટા સિટીમાં સ્થપાયેલી ગોકુલધામ હવેલીના પંચમ પાટોત્ત્સવની ઉજવણી ભવ્ય રીતે કરાઈ હતી. પંચમ પાટોત્ત્સવ પ્રસંગે પ્રભાતફેરી, ચાંદીના પલના, નંદ મહોત્ત્સવ, શોભાયાત્રા અને સુવર્ણ લહેરી ઉત્ત્સવના કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં વૈષ્ણવ શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા. રવિવારે શ્રી ઠાકોરજીનો ગિરિકંદરામાં છાકલીલા મનોરથના દર્શનનો લ્હાવો લઈ શ્રદ્ધાળુઓ ધન્ય બન્યા હતા.

એટલાન્ટા સિટીમાં 2017 માં વડોદરાના શ્રી કલ્યાણરાયજી મંદિરના ષષ્ઠ પીઠાધિશ્વર પૂ.દ્વારકેશલાલજી મહારાજના માર્ગદર્શન હેઠળ ગોકુલધામ હવેલી સ્થપાઈ હતી.આ ગોકુલધામ હવેલીએ પાંચ વર્ષના ટૂંકા સમયમાં જ સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ થકી અલગ ઓળખ ઊભી કરી છે. જેના થકી ગોકુલધામ હવેલી આકર્ષણ અને આસ્થાનું પ્રતિક બની છે.

ગોકુલધામ હવેલીને પાંચ વર્ષ પૂર્ણ થતાં શનિવારે પંચમ પાટોત્ત્સવ પ્રસંગની ભવ્યાતિભવ્ય ઉજવણી કરાઈ હતી. પાટોત્ત્સવ પ્રસંગે સવારે મંગળા દર્શન બાદ પ્રભાત ફેરી અને ત્યારબાદ શ્રી ઠાકોરજીના ચાંદીના પલના સહ નંદ મહોત્ત્સવનું આયોજન થયું હતું. સાંજે ગોકુલધામ પરિસરમાં યોજાયેલી શોભાયાત્રાએ આકર્ષણ જમાવ્યું હતું. આ ઉપરાંત શયન દર્શનમાં 'સુવર્ણ લહેરી' ઉત્ત્સવ-મનોરથમાં શ્રી ઠાકોરજીને સોનેરી શ્રૃંગાર સહિત સમગ્ર નિજ મંદિરને સોનેરી ઘટાથી શણગારવામાં આવ્યું હતું. ગોકુલધામમાં પહેલી વખત યોજાયેલા સુવર્ણ લહેરી ઉત્ત્સવ-મનોરથના દર્શન કરી શ્રદ્ધાળુઓ અભિભૂત થયા હતા. ગોકુલધામના પંચમ પાટોત્ત્સવ પ્રસંગે હવેલીના જગદગુરુ હોલમાં ડૉ.આનંદમય શાસ્ત્રીના વ્યાસપીઠ પદે ત્રિદિવસીય શ્રી ગિરિરાજ ગુણ ગાથા કથા યોજાઈ હતી. આ કથાની પૂર્ણાહુતિ પ્રસંગે રવિવારે ગિરિરાજ પૂજન અને છાકલીલા ઉત્ત્સવ યોજાયો હતો.

## ગિરિરાજ ગુણ ગાથા કથા યોજાઇ : પાટોત્ત્સવ પ્રસંગે સુવર્ણ લહેરી ઉત્ત્સવ અને શયનદર્શનમાં છાકલીલાનો મનોરથ યોજાયો

જ્યારે શયન દર્શનમાં ગિરિકંદરામાં શ્રી ઠાકોરજીનો છાકલીલા મનોરથ યોજાયો હતો. પાટોત્ત્સવની ઉજવણીને સફળ બનાવવા માટે સજાવટ ટીમ, કિચન ટીમ, સર્વિંગ ટીમ, વ્યવસ્થા ટીમ અને પાર્કિંગ ટીમનું મહત્ત્વનું યોગદાન રહ્યું હતું. ગોકુલધામના ચેરમેન અશોક પટેલ અને એક્ઝિક્યુટિવ સેક્રેટરી તેજસ પટવા ઉપરાંત ટ્રેઝરર કિન્તુ શાહ, હેતલ શાહ, અલકેશ શાહ, સમીર શાહ, પરિમલ પટેલ, ગિરિશ શાહ, કેતુલ ઠાકર, મેહુલ પારેખ, હિતેશ પંડિત, આત્મય અને આર્ષ તલાટીએ જહેમત ઊઠાવી હતી.

પાટોત્ત્સવ પ્રસંગે દર્શનાર્થે આવેલા શ્રદ્ધાળુઓ માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરાઈ હતી. મહાપ્રસાદ સેવામાં કિચન ટીમના ભાનુબહેન પટેલ, રંજન શિરોયા, સોહિની પટેલ, અશ્વિન પટેલ, નિક્સન પટેલ, રજનીભાઈ શેઠ, કિરીટ શાહ, જશુબહેન પટેલ, ઈશ્વરભાઈ પટેલ ઉપરાંત સર્વિંગ ટીમના સભ્યો ગૌરાંગ પટેલ, કરણ શાહ, આકાશ પટેલ, વૈભવ શાહે ભોજન વિતરણની સુચારું વ્યવસ્થા સંભાળી હતી.









### ફંડ એકત્ર માટે ગોકુલધામની યુથ ટીમનું ' કાર વોશ ' નું સરાહનીય કાર્ય

ગોકુલધામની વિવિધ ટીમો પૈકી યુથ ટીમ પણ સમયાંતરે આકર્ષણરૂપ કાર્ય કરે છે.જે અંતર્ગત રવિવારે ફંડ એકત્ર માટે યુથ ટીમ દ્વારા 'કાર વોશ' નો પ્રોજેક્ટ હાથ ધરાયો હતો. જે અંતર્ગત ગોકુલધામના દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓની કાર વોશ કરી આપી ફંડ એકત્ર કરાયું હતું. યુથ ટીમના સભ્યો ડૉ.હિરલ પટેલ, હરિત પટવા,આસ્થા દલાલ, ધ્રુવલ શાહ, દેવાંગ પટેલ, મૌનિલ પટેલ, આર્યા પુરોહિત, કાવ્યા શાહ, ઈતિ શાહ, અર્થ શાહ, યશ શાહ, દેવ ઠાકર, ક્રિષ્ણા વ્યાસ, મૌલી શાહ, શૈલી શાહ, કુશ દેસાઈ, દ્રષ્ટિ ડોડિયા, વ્રજ પટવા સહિત અન્ય છોકરા-છોકરીઓએ નિર્ધારિત લક્ષ્ય કરતાં વધુ રકમનું ફંડ મેળવી સરાહનીય કાર્ય કર્યું હતું.




### ભારતીય પરંપરા મુજબનું શિક્ષણધામ એટલે એટલાન્ટા સિટીમાં કાર્યરત ગોકુલધામ વિદ્યાલય

# ગોકુલધામ વિદ્યાલયનું શૈક્ષણિક સત્ર પૂર્ણતાના આરે...

એટલાન્ટા

અમેરિકાના એટલાન્ટા સિટીમાં સ્થપાયેલી ગોકુલધામ હવેલી આધ્યાત્મિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, માનવતાવાદી અને સામાજિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બની છે. જે અંતર્ગત દર રવિવારે સવારે 10 થી બપોરે 12 વાગ્યા સુધી હવેલીમાં 'ગોકુલધામ વિદ્યાલય' હેઠળ યોજાતી શૈક્ષણિક પ્રવૃત્તિઓએ વિદેશની ધરતી પર ભારતીય પરંપરા મુજબના શિક્ષણધામ તરીકેની ઓળખ પ્રસ્થાપિત કરી છે. એવા આ ગોકુલધામ વિદ્યાલયનું 2022-2023 નું શૈક્ષણિક સત્ર પૂર્ણ થવાના આરે હોઈ હાલ વિદ્યાલયમાં અભ્યાસ કરતા બાળકોનો વાર્ષિક ટેસ્ટ (પરીક્ષા) લેવાની પ્રક્રિયા ચાલી રહી છે.

વડોદરાની શ્રી કલ્યાણરાયજી હવેલીના ષષ્ઠપીઠાધીશ્વર વૈષ્ણવાચાર્ય પૂ.ગો.108 શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીના માર્ગદર્શન હેઠળ એટલાન્ટાની ગોકુલધામ હવેલી સ્થપાઈ છે.ગોકુલધામ હવેલી અંતર્ગત શરૂ થયેલા ગોકુલધામ વિદ્યાલયમાં બાળકોને ભારતીય સંસ્કૃતિ મુજબનું શિક્ષણ અને સંસ્કારનું સિંચન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે ગોકુલધામ વિદ્યાલયમાં ગુજરાતી લર્નિંગ તેમજ હિન્દુત્વ વિષય હેઠળ પુષ્ટિ માર્ગ તેમજ ધર્મ અને સંસ્કૃતિના ક્લાસ શરૂ કરાયા છે.



ગુજરાતી લર્નિંગ ક્લાસ હેઠળ ગુજરાતી પરિવારોના બાળકોને માતૃભાષા ગુજરાતીનું પાયાનું શિક્ષણ આપી ગુજરાતી ભાષાથી પરિચિત કરવામાં આવે છે. આ ઉપરાંત બોલચાલમાં ઉપયોગમાં લેવાતાં ગુજરાતી શબ્દોના અર્થ તેના અંગ્રેજી શબ્દો સાથે માહિતગાર કરાઈ રહ્યા છે. ગોકુલધામ વિદ્યાલયમાં ''પુષ્ટિ માર્ગ : ધર્મ અને સંસ્કૃતિ ''ના ક્લાસનો આરંભ કરાયો છે. જેના થકી બાળકોને પુષ્ટિમાર્ગની સમજ સાથે હિન્દુ ધર્મ અને હિન્દુ સંસ્કૃતિ-પરંપરા-સંસ્કારનું સિંચન આપવામાં આવે છે.

જે અંતર્ગત હિન્દુ ધર્મના તહેવારો-ઉત્સવોનું મહત્ત્વ, પુષ્ટિ સંપ્રદાયનો ઈતિહાસ, તેના સ્થાપક તેમજ વલ્લભકુળ પરંપરા વિશે બાળકોને જ્ઞાનનું ભાથું પીરસવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત રામાયણ, મહાભારત તેમજ ભગવદ્ ગીતા જેવા ધાર્મિક ગ્રંથોનું શિક્ષણ તેની નાની-નાની વાર્તાઓના સ્વરૂપે સમજાવી ભારતની સનાતન સંસ્કૃતિથી બાળકોને અવગત કરાઈ રહ્યા છે. સાથેસાથે ગોકુલધામના સાંસ્કૃતિક પ્રોગ્રામ 'નમસ્તે' માટે બાળકોને તૈયાર કરવામાં આવે છે. ગોકુલધામ વિદ્યાલયમાં ચાલતી શૈક્ષણિક પ્રવૃત્તિઓથી અનેક બાળકો લાભાન્વિત થયા છે. ખાસ કરીને વિદ્યાલયની પ્રવૃત્તિઓથી સંસ્કાર અને સંસ્કૃતિ સજ્જ થયેલાં બાળકોની પ્રતિભાથી ષષ્ઠપીઠ યુવરાજ પૂ.શ્રી આશ્રયકુમારજી અને પૂ.શરણમ્ કુમારજી મહોદય સ્વયં પ્રભાવિત થયા છે.

2022-2023 ના શૈક્ષણિક સત્રમાં 200 બાળકોએ એડમિશન લીધું હતું. આ બાળકોએ વર્ષ દરમિયાન મેળવેલા શિક્ષણના આધારે હાલ તેમના વાર્ષિક ટેસ્ટની પ્રક્રિયા ચાલી રહી છે.

### ગોકુલધામ વિદ્યાલયને સફળ બનાવનાર ટીમ

પ્રિન્સિપાલ તેજસ પટવા, એડમિનિસ્ટ્રેટર તરીકે વિપુલ મપારા, કરણ શાહ, હિતેન ધોળકિયા, જીગેશ પરીખ, રોશની શાહ અને અમી પટવાનો સમાવેશ થાય છે. ટિચિંગ સ્ટાફમાં અર્ચના એચ શાહ, અર્ચના ડી.શાહ, અમી કોઠારી, અલીશા ઠાકર, જલ્પા પટેલ, કિન્નરી અમીન, પ્રશિલા પટેલ, નિધિ સુરેજા, અચલ દલાલ, દિપિકા પટેલ, રોશની શાહ,એક્તા શાહ, પૂર્વિ સંપત, અમી પરીખ, અવની જાંબુડી, જીજ્ઞા દેસાઈ, પ્રેરણા વ્યાસ બાળકોને શિક્ષણ આપી રહ્યા છે.

### બાળકોના ભોજન માટે તૈયાર રહેતી કિચન ટીમ

રવિવારે વિદ્યાલયના સમય બાદ બાળકોને પૌષ્ટિક ભોજન પીરસવામાં આવે છે. આ માટે કિચન ટીમના ભાનુબહેન પટેલ, સોહિનીબહેન પટેલ, પ્રકાશ પટેલ, રંજનબહેન શિરોયા, રજની શેઠ, અશ્વિન પટેલ, પિયૂષ પટેલ, કિરીટ શાહ, હેતલ શાહ, ગિરીશ શાહ, રાજેશ દેસાઈ, મિહિર ચોકસી, સેજલ ચોકસી ખડેપગે હાજર રહે છે.

# એટલાન્ટાની ગોકુલધામ હવેલીનો કલ્ચરલ પ્રોગ્રામ 'નમસ્તે-2023' હર્ષોલ્લાસ સાથે યોજાયો

## ગોકુલધામ વિદ્યાલયના 100 બાળકોએ આકર્ષક વેશભૂષા સાથે ભગવાન વિષ્ણુના વિવિધ અવતારોનું પર્ફોમન્સ રજૂ કર્યું

## ગ્વીનેટ કાઉન્ટીના ડિસ્ટ્રિક્ટ એટર્નિ ઓસ્ટીન ગેટ્સોન, લોરેન્સવિલ સિટી કાઉન્સિલ મેમ્બર ઓસ્ટિન થોમ્પસન તેમજ ગ્વીનેટ કાઉન્ટીના પૂર્વ કમિશનર માર્લિન ફોસ્ક્યૂ ઉપસ્થિત રહ્યા

એટલાન્ટા

અમેરિકાના એટલાન્ટા સિટીમાં સ્થપાયેલી ગોકુલધામ હવેલી ખાતે વાર્ષિક કલ્ચરલ પ્રોગ્રામ 'નમસ્તે-2023' આનંદ-ઉલ્લાસ સાથે યોજાયો હતો. આ પ્રોગ્રામમાં ગોકુલધામ વિદ્યાલયમાં અભ્યાસ કરતા 100 થી વધુ બાળકો તેમજ ગોકુલધામ યુથ ગ્રૂપના સ્વંયસેવકોએ કલાકાર બનીને વિવિધ થીમ ઉપર જબરદસ્ત પર્ફોમ કરી દર્શકોની વાહવાહી મેળવી હતી. ગોકુલધામના નમસ્તે-2023 પ્રોગ્રામને નિહાળવા જગદગુરુ હોલમાં 400 થી વધુ દર્શકો ઉપસ્થિત રહ્યા હતા.

અમેરિકાની ધરતી ઉપર ભારતીય સમુદાય માટે એટલાન્ટાની ગોકુલધામ હવેલી છેલ્લા 5 વર્ષથી આકર્ષણ અને શ્રદ્ધાનું કેન્દ્ર બની છે. આ ગોકુલધામ હવેલીમાં ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓની સાથે બાળકોને ભારતીય સંસ્કૃતિ સાથે જોડી રાખવા માટે દર રવિવારે ગોકુલધામ વિદ્યાલય શરૂ કરાયું છે. જેના દ્વારા બાળકોને ગુજરાતી ભાષા ઉપરાંત હિન્દુ ધર્મ, રામાયણ, ભગવદ્ ગીતા, પુષ્ટિ સંપ્રદાય વિશે શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. આ શિક્ષણમાંથી શીખવા મળેલા

જ્ઞાનને આધારરૂપ ગોકુલધામ હવેલી-વિદ્યાલયનો વાર્ષિક કલ્ચરલ પ્રોગ્રામ 'નમસ્તે-2023' નું જાન્યુઆરીમાં આયોજન થયું હતું.

દર્શકોથી ખીચોખીચ ભરાયેલા ગોકુલધામના જગદગુરુ હોલમાં સતત 3 કલાક સુધી નમસ્તે-2023 પ્રોગ્રામ નોન સ્ટોપ યોજાયો હતો. 'નમસ્તે-2023' પ્રોગ્રામમાં ગોકુલધામ વિદ્યાલયના 100 થી વધુ બાળકો તેમજ યુથ ગ્રૂપના 30 વધુ સ્વયંસેવકોએ એક મહિનાની પ્રેક્ટિશ કરીને નિપુણ કલાકાર તરીકે ભાગ લઇ કાબિલેદાદ બેસ્ટ પર્ફોમન્સ રજૂ કરી મહાનુભાવો અને દર્શકોની શાબાશી અને વાહવાહી મેળવી હતી. ગોકુલધામના ચેરમેન અશોક પટેલ અને એક્ઝિક્યુટિવ સેક્રેટરી તેજસ પટવાએ સૌ કલાકારોની ધગશ અને મહેનતને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. જ્યારે ગોકુલધામ વિદ્યાલયના સ્વયંસેવક ટીચર્સ તેમજ પેરેન્ટ્સના સહયોગને કારણે નમસ્તે પ્રોગ્રામ સફળ બન્યો હોવાનું ગૌરવપૂર્વક જણાવ્યું હતું. ગોકુલધામના નમસ્તે કાર્યક્રમને નિહાળવા મહાનુભાવો ગ્વીનેટ કાઉન્ટીના ડિસ્ટ્રિક્ટ એટર્નિ ઓસ્ટીન ગેટ્સોન, લોરેન્સવિલ સિટી કાઉન્સિલ મેમ્બર ઓસ્ટિન થોમ્પસન તેમજ ગ્વીનેટ કાઉન્ટીના પૂર્વ કમિશનર માર્લિન ફોસ્કયૂ ઉપસ્થિત રહ્યા હતા.

નમસ્તે-2023 ના પ્રોગ્રામમાં ગોકુલધામ વિદ્યાલયના બાળકોએ રામાયણ, મહાભારત, ભગવદ્ ગીતાની થીમ ઉપર વિવિધ પર્ફોમન્સ રજૂ કર્યા હતા. આ ઉપરાંત ક્લાસિકલ ડાન્સ, બોલીવુડ ડાન્સ અને એવરગ્રીન બોલીવુડ ફિનાલે દ્વારા બાળકો તેમજ યુથ ટીમના સ્વયંસેવકોએ મનોરંજન પીરસી દર્શકોને 3 કલાક જકડી રાખ્યા હતા. ગોકુલધામ વિદ્યાલયના 100 બાળકોએ ભગવાન વિષ્ણુના વરાહ અવતાર, મત્સ્ય અવતાર, નરસિંહ અવતાર, કૂર્મ અવતારનું આકર્ષક વેશભૂષા સાથે આબેહૂબ પરર્ફોમન્સ રજૂ કર્યું હતું. ગોકુલ નૃત્યરાજ એકેડેમીના ક્ક્ષા પટેલ અને મૌલી શાહે ભરત નાટ્યમ નૃત્ય રજૂ કર્યું હતું.

નમસ્તે પ્રોગ્રામને સફળ બનાવવા માટે સ્ક્રીપ્ટ રાઈટર અમી પટવા, સ્ક્રીપ્ટ એડિટર દિપીકા પટેલ, પોપ્સ એન્ડ કોન્સ્ચ્યુમ ડૉ.હિરલ પટેલ, આસ્થા દલાલ, હરિત પટવા, આત્મય તલાટી, સમીર શાહ, જીતેશ સંપત, નિલેશ કલાસીયા, સુહાસ શેઠ, પ્રિયાંક પરીખ, સુદીપ શેઠનું યોગદાન રહ્યું હતું. આ ઉપરાંત ગોકુલધામ વિદ્યાલયના ટીચર્સ જલ્પા પટેલ, રોશની શાહ, અર્ચના શાહ, કિન્નરી અમીન, પૂર્વી સંપત, નિધિ સુરેજા, અવની જાંબુડી, અમી પરીખ,એક્તા શાહ તેમજ કો-ઓર્ડિનેટર કરણ શાહ, હિતેન ધોળકીયા, જીગેશ પરીખ તેમજ ઓડિયો-વિડિયો માટે હિતેશ પંડિત, કેતુલ ઠાકર, આર્ષ તલાટીએ જહેમત ઉઠાવી હતી.













